RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 355 * Date: 15.10.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ટ્રેડ ડીલમાં ટ્રમ્પના પુત્રનું શું કામ? અમેરિકા અને ઈન્ડોનેશિયાના પ્રમુખની વાત લીક થતાં વિવાદ



ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાંતોએ ગઈકાલે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાતચીત કરતાં ટ્રમ્પના પુત્ર એરિકને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. સુબિયાંતોની આ ઈચ્છા સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. તમને જણાવી દઈએ કે, એરિક ટ્રમ્પ સરકારમાં કોઈ અધિકારી કે સત્તા પર નથી, તે માત્ર ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડન્ટ છે. ઈજિપ્તમાં ગાઝા ફોકસ્ડ સમિટ સંબોધિત કર્યા બાદ સુબિયાંતોએ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. જેમાં માઈક્રોફોનમાં સુબિયાંતોની ટ્રમ્પના દિકરાને મળવાની ઈચ્છા રેકોર્ડ થઈ હતી. તેઓ વીડિયો ફુટેજમાં ચાલુ લાઈવ માઈક્રોફોનથી અજાણ હતાં, તેમનો આ વાર્તાલાપ રેકોર્ડ થઈ ગયો હતો. સુબિયાંતોએ ટ્રમ્પ સાથે હાથ મિલાવી કહ્યું કે, પ્રદેશ સુરક્ષાના ધોરણે સુરક્ષિત નથી. શું હું એરિકને મળી શકું? જેનો જવાબ આપતાં ટ્રમ્પે કહ્યું કે, હું એરિકને તમારો સંદેશ આપીશ. એરિક વાસ્તવમાં ખૂબ સારો છોકરો છે. તેને હું તમારા વિશે જણાવીશ. બાદમાં પ્રબોવોએ કહ્યું કે, અમે વધુ સારી જગ્યા શોધીશું. ટ્રમ્પે ફરીથી જવાબ આપ્યો કે, હું એરિકને કહીશ કે, તે તમને ફોન કરે. બાદમાં પ્રબોવોએ પૂછ્યું, એરિક કે ડોનાલ્ડ જુનિયર? સુબિયાંતોની આ ઈચ્છા સોશિયલ મીડિયા પર ટીકાઓનો ભોગ બની છે. એરિક ટ્રમ્પ અને તેનો ભાઈ ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર બંને ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનમાં એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડન્ટ તરીકે કામ કરે છે. તેઓ ટ્રમ્પનો રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી અને બ્લોકચેઈન આધારિત વેન્ચર્સનું સંચાલન કરે છે. તેઓ ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં ગોલ્ફ ક્લબ ચલાવે છે. તેમજ બાલીમાં પણ રિસોર્ટ અને ગોલ્ફ ક્લબનું સંચાલન કરે છે. ઈન્ડોનેશિયાના પ્રમુખ તરીકે સુબિયાંતો શા માટે ટ્રમ્પના દિકરાઓને મળવા માગે છે, ટ્રમ્પ પહેલાંથી જ સરકારમાં હોવાનો ફાયદો પોતાને બિઝનેસને કરાવ્યો હોવાની ટીકાઓનો સામનો કરી રહ્યા છે.

## વેસ્ટઈન્ડિઝ સામે ભારતે ૨-૦થી સીરિઝ જીતી વ્હાઈટવોશ કર્યું, કુલદીપ અને યશસ્વી જીતના હીરો



ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતાં ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ભારતે સાત વિકેટથી જીતી લીધી છે. ભારતીય ટીમે રમતના પાંચમા અને અંતિમ દિવસ (૧૪મી ઓક્ટોબર)ના પહેલા સત્રમાં જ જીત માટેનો ૧૨૧ રનનો લક્ષ્યાંક આસાનીથી હાંસલ કરી લીધો હતો.ભારતની જીતમાં યુવા ખેલાડીઓ કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપ યાદવે મેચમાં કુલ ૮ વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝના બેટિંગ ક્રમને ધ્વસ્ત કર્યો હતો. જ્યારે યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં ૧૭૫ રનની શાનદાર સદી ફટકારીને ભારતને વિશાળ લીડ અપાવવામાં મદદ કરી હતી.દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે યશસ્વીની સદીની મદદથી ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને ઈનિંગ ડિકલેર કરી હતી અને ૨૭૦ રનની મજબૂત લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું હતું, જેમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવી શકી હતી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો.આ જીત સાથે, ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સીરિઝમાં જીતનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતનો આ સતત ૧૦મો ટેસ્ટ સીરિઝ વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં ભારતને ટેસ્ટ સીરિઝમાં હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝ ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી શક્યું નથી. નોંધનીય છે કે ભારતે સીરિઝની પહેલી ટેસ્ટ અમદાવાદમાં ૧૪૦ રનના મોટા અંતરથી જીતી હતી.

## નવરાત્રિ બાદ હવે ગુજરાતમાં દિવાળીમાં પણ વરસાદની આગાહી! અમરેલી-નલિયામાં ઠંડીનો ચમકારો



ગુજરાતમાં નવરાત્રિ બાદ હવે દિવાળીના તહેવારો વખતે પણ વરસાદ રંગમાં ભંગ પાડી શકે છે. આગામી ૧૬થી ૨૦ ઓક્ટોબર દરમિયાન સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં હળવા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.હવામાન વિભાગની આગાહી અનુસાર, ૧૬મીએ ડાંગ, તાપી, નવસારી વલસાડમાં વરસાદની સંભાવના છે. ૧૭થી ૨૦ દરમિયાન અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. આમ, દિવાળીના તહેવારો વખતે પણ વરસાદની સંભાવનાથી લોકોની ચિંતામાં વધારો થયો છે. દરમિયાન ગુજરાતને દ્વારે શિયાળો પણ ટકોરા મારી રહ્યો છે.

ગત રાત્રિએ ૧૭.૬ ડિગ્રી સાથે અમરેલીમાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. બીજી તરફ નલિયામાં ૧૮.૫ ડિગ્રીએ લઘુતમ તાપમાનનો પારો રહ્યો હતો. અમદાવાદમાં ૨૧.૧ ડિગ્રી સાથે સામાન્ય કરતાં ૧.૧ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે દિવસ દરમિયાન સરેરાશ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી હતું. આગામી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૨૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે.

## ગિરનારમાં ગોરખનાથ શિખર પર પૂજારીએ જ મૂર્તિ તોડીને ફેંકી હતી, લાઈમ-લાઈટમાં આવવા કૃત્ય કર્યાની કબૂલાત

જૂનાગઢના ગિરનાર પર્વત પર સ્થિત ગોરખનાથ શિખર પરના મંદિરમાં તોડફોડ અને મૂર્તિ ખંડિત કરવાના અત્યંત સંવેદનશીલ કેસનો જૂનાગઢ પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે મંદિરના પગારદાર પૂજારી અને એક દુકાનદાર-ફોટોગ્રાફરની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ મંદિર અને પોતાને 'લાઈમ-લાઈટ'માં લાવવા અને ભાવિકોની સંખ્યા વધારવા માટે આ કૃત્ય કર્યાની કબૂલાત કરી છે.સમગ્ર દેશમાં આ ઘટનાના પડઘા પડ્યા બાદ પોલીસે જીંર્, ન્ઝ્રમ્ સહિતની ટીમોને કામે લગાડી ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. એસપી સુબોધ ઓડેદરાના જણાવ્યાનુસાર, હ્લજીન્ની તપાસ પોલીસ માટે મહત્ત્વની કડી બની હતી. મંદિરના કાચ તૂટેલા હતા, પરંતુ તૂટેલા કાચમાંથી અંદાજે ૫૦ કિલો વજનની ગોરખનાથની મૂર્તિ બહાર નીકળી શકે તેટલી જગ્યા ન હતી. આ વિસંગતતા પરથી પોલીસને શંકા ગઈ હતી કે મૂર્તિને કાચ તોડીને નહીં, પણ તાળું ખોલીને બહાર કાઢીને ખીણમાં ફેંકી દેવામાં આવી છે.પોલીસે ગોરખનાથ મંદિર નજીક ફોટોગ્રાફર તરીકે કામ કરતા રમેશ હરગોવિંદ ભટ્ટ (રહે. મધુરમ, જૂનાગઢ)ની પૂછપરછ કરી, જેણે શરૂઆતમાં ગલ્લાતલ્લાં કર્યા બાદ આખરે પોપટ બની ગયો હતો. પોલીસે તેના નિવેદન બાદ મંદિરના પગારદાર પૂજારી કિશોર શિવનંદાસ કુકરેજા (ઉ.વ. ૪૨, મૂળ મુંબઈ)ની ધરપકડ કરી હતી.

## માણસા ખાતે જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર જિલ્લામાં મહેસાણા તાલુકાના ૪૧, કડવા પાટીદાર સમાજવાડી, ખાતે ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાના કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના મંત્રીશ્રી તરીકે પોતે માણસાના નગરજનોનો અભિનંદન સાથે આભાર વ્યક્ત કરવા આવ્યા હોવાનું જણાવતા, મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે, માણસાના નગરજનો લાંબી વિચારસરણી સાથે ભવિષ્યદર્શી પણ છે. સાથે જ ટીમવર્ક દ્વારા સમાજમાં ભાગલા પાડવાની નીતિને બદલે એક જૂથ બની કઈ રીતે કાર્ય કરી,જરુરતમંદોને લાભ અપાવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ માણસા ટીમ છે,અને દરેક વર્ગના લોકોને ઉત્કર્ષ એ સૌથી મોટી સમાજ સેવા છે. આ કાર્ય માટે હંમેશા ધારાસભ્ય શ્રી જે .એસ પટેલ ની આગેવાનીમાં કાર્યરત ટીમ અભિનંદનને પાત્ર છે.

સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, સમસ્યા ગણાવતા સેકન્ડો જ લાગે, પણ સો વર્ષોથી ચાલી આવતી સમસ્યાઓનું નિરાકરણ લાવવું કઠિન છે, અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના પ્રધાનમંત્રી હતા, ત્યારથી માંડી ભુપેન્દ્રભાઈ પટેલના સમય સુધી સરકારના નેતૃત્વમાં આ સમસ્યાઓનો નિકાલ શક્ય બન્યો છે.

આ સાથે જ નગરજનોના નાનામાં નાના પ્રશ્નો ઉપર ધ્યાન આપતા ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર જે રીતે કામગીરી કરી રહ્યું છે, તે કામગીરીને પણ તેમણે બિરદાવી હતી, અને બહિયલ ની ઘટનાનો ઉલ્લેખ કરતા જિલ્લા વહીવટી તંત્ર તથા પોલીસ વિભાગની કામગીરીને પણ વખાણી હતી.

ઉપરાંત પ્રસંગોચિત વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, બરાબર ૨૪ વર્ષ પહેલાંનું ગુજરાત અને આજના ગુજરાતની પરિસ્થિતિની તુલના કરવામાં આવે તો, અઢી દાયકા પહેલા દુકાળ, પાણીની અછત, વીજ માટે ખેડૂતોના રાત્રિના ઉજાગરા જેવી સમસ્યાઓ હતી. અને એમાં પણ પરસેવો પાડ્યા પછી પણ પાક થશે કે નહી, તેની ચિંતા રહેતી. આ પરિસ્થિતિનો સકારાત્મક બદલાવ તાત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રીના એક વિચારથી શરૂ થયો. તેમણે સૌપ્રથમવાર ધરતીપુત્રોની ચિંતા કરી અને ૨૪ વર્ષમાં ૨૪ કલાક વીજળી અને પાણી મળતા થતા, ખેતીની તાસીર બદલી નાખી છે, ૨૪ વર્ષ પહેલા વરસાદ પર આધારિત માત્ર એક પાક લેવાતો, આજે દરેક ખેડૂત ઓછામાં ઓછા ત્રણ પાક લે છે, આ ઉપરાંત સોઈલ કાર્ડ જેવા નક્કર પગલાઓ દ્વારા ખેડૂતોના લાભ માટે ખેતર સુધી સરકાર પોતે પહોંચી છે અને 'લેબ ટુ લેન્ડ'નો મંત્ર સાકાર કર્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતનો કૃષિ વિકાસ દર પહેલા ત્રણ ટકા હતો, જે આજે ડબલ ડિજિટ પાર કરી ગયો છે, વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાં ઉત્પાદન ક્ષમતાની વાત કરવામાં આવે તો તે ૧૮,૫૦૦ કરોડનું ઉત્પાદન હતું, જે વર્તમાન સમયમાં ૦૨.૭ લાખ કરોડે પહોંચી ચુક્યું છે?. એવી જ રીતે ખેડૂતો માટેની યોજના ની વાત કરવામાં આવે તો પહેલા ટ્રેક્ટર માટે રૂપિયા ૪૫૦૦૦ આપવામાં આવતા હતા, જેને બદલે અત્યારે એક લાખ સુધીની સહાય મળે છે, સાથે જ તેમણે ખેડૂત વીમા યોજના, આયુષ્માન કાર્ડ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના વગેરેની પણ વાત કરી હતી. અને જણાવ્યું હતું કે, ''ધરતીપુત્રના પરિશ્રમની ગાથા એટલે આપણું ગુજરાત, અમલસાડી ચીકુ, ગિરનારી કેસર અને ભાલીયા ઘઉંની સુગંધ વિશ્વભરમાં પ્રસરાવે તે આપણું ગુજરાત×એટલેજ દેશના વિકાસમાં ખેતી અને ખેતી કરનારા ધરતીપુત્રોનો ખૂબજ મહત્વનો ફાળો રહેલો છે. ગુજરાત રાજ્યના ખેડૂતોએ કૃષિ, બાગાયત, પશુપાલન અને સહકાર વિભાગના કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવી, પોતાની આગવી સુઝબુઝના સમન્વય થકી ઉત્તમ ખેતી કરીને સમગ્ર દેશમાં ગુજરાતને આગવું સ્થાન અપાવ્યું છે.આ પ્રસંગે તેમને ખેડૂતો સાથે પણ રૂબરૂ સંવાદ કર્યો હતો, જેમાં સરકાર અને ખેડૂતોના સાયુજ્ય થકી ગુજરાત પોતાને અવ્વલ બનાવવા તરફ આગળ વધી રહ્યું હોવાની ચર્ચા સાથે, લાભાર્થીઓએ લીધેલા લાભને પણ લાભાર્થીઓએ મંત્રીશ્રી સમક્ષ વર્ણવ્યા હતા.

આ અવસરે માણસાના ધારાસભ્ય શ્રી જે. એસ પટેલ દ્વારા ખેડૂતોને લગતી યોજનાકીય વિગતો સાથે ખેડૂતોની સતત ચિંતા કરી તેમને અનેક યોજનાઓનો લાભ આપતી સરકારનો, માણસાના ખેડૂતોવતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી..

### બિટકોઈનમાં ગયા સપ્તાહમાં ધબડકા બાદ સપ્તાહ પ્રારંભે રિકવરી

મુંબઈ : ગયા સપ્તાહમાં ધબડકો બોલાઈ ગયા બાદ મુખ્ય ક્રિપ્ટોકરન્સી બિટકોઈનમાં નીચા મથાળે રોકાણકારો ખાસ કરીને સંસ્થાકીય રોકાણકારો લેવાલી નીકળતા ભાવ વધી૧,૧૫, ૦૦૦ ડોલરને પાર કરી ગયો હતો. ટ્રમ્પ દ્વારા ચીન પર ૧૦૦ ટકા ટેરિફ લાગુ કરાયા બાદ ગયા સપ્તાહમાં બિટકોઈનમાં મોટી અફરાતફરી જોવા મળી હતી. ગયા સપ્તાહમાં બિટકોઈને ૧૨૬૧૯૮ ડોલરની ઓલટાઈમ હાઈ સપાટી દર્શાવ્યા બાદ જંગી જોરદાર ગબડી ૧,૧૧,૩૦૦ ડોલરની સપાટી પર આવી ગયો હતો. જંગી વેચવાલીને પરિણામે રોકાણકારોની સંપતિમાં એક જ દિવસમાં ૧૯ અબજ ડોલરનું ધોવાણ થયું હતું જે ક્રિપ્ટો માર્કેટના ઈતિહાસમાં પ્રથમ જ વખત જોવા મળ્યું હતું. વર્તમાન સપ્તાહના પ્રારંભમાં હમાસ દ્વારા ઈઝરાયલના કેટલાક બંધકોને છોડી મુકાયાના અહેવાલે યુદ્ધવિરામના સંકેત મજબૂત બન્યા હતા. આ ઉપરાંત વર્તમાન મહિનાના અંતે અમેરિકન ફેડરલ રિઝર્વની બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો થવાની શકયતાએ પણ બિટકોઈનમાં નીચા મથાળેથી રિકવરી જોવા મળી છે.ચીન ખાતેથી આયાત થતા કોઈપણ અને દરેક મહત્વના સોફ્ટવેર પર ૧લી નવેમ્બરથી અમલી બને તે રીતે ૧૦૦ ટકા ટેરિફ લાગુ કરવાની ટ્રમ્પે ગયા સપ્તાહમાં જાહેરાત કરી હતી. બિટકોઈનની પાછળ અન્ય મુખ્ય ક્રિપ્ટો એથરમનો ભાવ પણ ઊંચકાયો હતો. એથરમનો ભાવ જે ગયા સપ્તાહમાં ઘટી ૩૭૯૮ ડોલર જોવાયો હતો તે ફરી પાછો વધી ૪૦૦૦ ડોલરને પાર કરી ગયો હતો. અમેરિકન ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલ દ્વારા વર્તમાન સપ્તાહમાં અપાનારી સ્પીચ પર પણ રોકાણકારોની નજર રહેલી છે. વ્યાજ દરમાં કપાત સંદર્ભમાં કોઈપણ હકારાત્મક સંકેત ક્રિપ્ટો કરન્સીસ માટે પોઝિટિવ બની રહેશે.

# સમાપ્ત થયેલી ખાંડ મોસમમાં દેશમાંથી ૭.૭૫ લાખ ટન ખાંડની થયેલી નિકાસ



મુંબઈ : સપ્ટેમ્બરમાં સમાપ્ત થયેલી ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમમાં દેશમાંથી ૭.૭૫ લાખ ટન ખાંડ નિકાસ થવા પામી હતી. ઓકટોબરથી શરૂ થયેલી નવી મોસમ માટે નિકાસ કવોટા જલદી જાહેર કરવા ખાંડ ઉદ્યોગ દ્વારા સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે. સમાપ્ત થયેલી મોસમ માટે ખાંડની નિકાસ મંજુરી જાન્યુઆરીમાં આપવામાં આવી હતી. કુલ ૧૦ લાખ ટન ખાંડની નિકાસ છૂટ આપવામાં આવી હતી.

ઓલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિએશન (એઈસ્ટા)ના ડેટા પ્રમાણે ગઈ મોસમના ફેબ્રુઆરીથી સપ્ટેમ્બરના ગાળામાં કુલ ૭.૭૫ લાખ ટન ખાંડ છૂટી કરવામાં આવી હતી. એકંદર નિકાસમાં ૬.૧૩ લાખ ટન વ્હાઈટ સુગર રહી હતી જ્યારે રિફાઈન્ડ સુગરનો નિકાસ આંક ૧.૦૪ લાખ ટન રહ્યો હતો. કાચી ખાંડનો આ આંક ૩૩૩૩૮ ટન રહેવા પામ્યો હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

૨૧૦૦૦ ટન જેટલી રો સુગર એસઈઝેડ ખાતેની રિફાઈનરીઓને રવાના કરાઈ હતી જેને નિકાસ તરીકે માનવામાં આવે છેસમાપ્ત થયેલી ખાંડ મોસમમાં વધુ પડતી નિકાસ સોમાલિયા, શ્રીલંકા, દ્જિબોઉટી અને અફઘાનિસ્તાન ખાતે થઈ હતી. ઓકટોબરથી શરૂ થયેલી નવી ખાંડ મોસમ માટેનો નિકાસ કવોટા નવેમ્બર સુધીમાં જાહેર કરી દેવા ઉદ્યોગ દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

# ટેરિફ વોર વચ્ચે ચીનની નિકાસમાં ગયા મહિને આઠ ટકાનો વધારો

મુંબઈ : વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં અમેરિકા ખાતે નિકાસમાં ઘટાડો થવા છતાં, ચીનની એકંદર નિકાસમાં વધારો થયો છે જેને કારણે અમેરિકા સાથેની ટ્રેડ વોર વચ્ચે પણ ચીનની સ્થિતિ મજબૂત બની હોવાના સંકેત મળે છે. સપ્ટેમ્બરની નિકાસ છ મહિનામાં સૌથી ઝડપી વધી છે. ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં ચીનની નિકાસ ૮.૩૦ ટકા વધી ૩૨૮.૬૦ અબજ ડોલર રહી છે, એમ ચીનના કસ્ટમ્સ સત્તાવાળા દ્વારા સોમવારે જાહેર કરાયેલા આંકડામાં જણાવાયું હતું.



અમેરિકા ખાતે ચીનની નિકાસ ગત મહિને ૨૭ ટકા નીચી રહી છે. સતત છઠ્ઠા મહિને દ્વીઅંકી ઘટાડો જોવા મળ્યો છે. અમેરિકા ખાતે ઘટાડો થયો છે, પરંતુ યુરોપના દેશોમાં નિકાસમાં જોરદાર વધારો થતા અમેરિકાનો ઘટાડો ભરપાઈ થઈ શકયો છે.અમેરિકા સિવાયના મથકોએ નિકાસ ૧૪.૮૦ટકા વધી છે જે માર્ચ ૨૦૨૩ બાદ સૌથી ઊંચી છે.

અમેરિકાના ટેરિફ છતાં ચીનની નિકાસ સ્થિતિસ્થાપક રહેવા પામી છે. વૈવિધ્યસભર નિકાસ બજારો અને મજબૂત સ્પર્ધાત્મકતાને કારણે ટેરિફ વોર વચ્ચે પણ ચીનની નિકાસ વધવા પામી છે.

ટેરિફ વોરની મર્યાદિત અસરને કારણે અમેરિકા સાથેની વેપાર વાટાઘાટમાં ચીન સખત વલણ અપનાવી રહ્યું હોવાનું માનવામાં આવે છે. અન્ય બજારો ખાતેથી મજબૂત માગનો અર્થ ચીન પર અમેરિકાના વધુ ટેરિફની અસર જોવા નહીં મળે તેવી ચીનને અપેક્ષા હોવાનું એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

આફ્રિકા ખાતે ચીનની નિકાસ ગયા મહિને ૫૬ ટકા વધી છે, જે ફેબ્રુઆરી, ૨૦૨૧ બાદ સૌથી ઝડપી છે. લેટિન અમેરિકા ખાતે જ્યાં જુલાઈ - ઓગસ્ટમાં નિકાસ ઘટી હતી તેમાં સપ્ટેમ્બરમાં ૧૫.૨૦ટકા વધારો થયો છે. નિકાસની સાથોસાથ ચીનની આયાત ગયા મહિને ૭.૪૦ ટકા વધી હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.

# કેનાલના ઉદઘાટન સમયે શું થયું?

' આ આંખ ધન્ય છે. આ બાવળના બડૂકા જેવા હાથ ધન્ય છે.' મંત્રી મહોદય ગળગળા થઈ ગયા. આંખમાં ચોવીસ કેરેટના સોનાના બિસ્કીટ જેવું અસલી આંસુ જ આવવાનું બાકી હતું.મંત્રીજીએ ઓડિયન્સ તરફ હાથ હલાવી ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન કર્યુ.પીએએ મંત્રીને રૂમાલ પકડાવ્યો.

' મંત્રી સાવ જૂઠાડો છે.' રાજુએ કોઈ જુએ નહીં હોય તેમ મને ઠોંસો મારતા કહ્યું. મારૂં રાઈટીંગ પેડ પડી ગયું. પેન પણ પડી ગઈ.મેં માંડ માંડ હસવાનું રોક્યું.

' રાજુ ,આપણે બખડજંતર ચેનલ તરફથી કાર્યક્રમ કવર કરવા આવ્યા છીએ. મારે કોઈ ડ્રામા ન જોઈએ. મને મારું કામ કરવા દે અને તું ફોટા પાડવાનું તારૂં કામ કર? નહિંતર, મારે બાબુલાલ બબુચકને ફરિયાદ કરવી પડશે.' મે રાજુના કાનમાં ધમકી રેડી.રાજુ જલેબી જેવો સીધો થઈ ગયો.

' મને કહેતાં ગર્વ થાય છે.' આટલું કહી મંત્રીજીએ કૂકડાની જેમ છાતી ફૂલાવી.જો કે, મંત્રીજીની છાતી ખાસ ફૂલી નહીં. કેમ કે તેની સાઈઝ છપ્પન ઈંચની ન હતી.ઉલ્ટાની રોડ પર પડેલા ભૂવાની જેમ મંત્રી મહોદયની છાતી અંદર ધસી ગઈ.

' એક અઠવાડિયામાં મારા પર બુંધિયાળ હસ્તને ત્રણસોમું ઉદધાટન કરવાની સોનેરી તક મળી છે.' મંત્રીજીએ ગૌરવ વ્યક્ત કર્યુ.'એમાંથી કેટલા ઢબી ગયા એની તો વાત કરો.'

ઓડિયન્સમાથી કોઈએ ટીખળ કર્યું. ગમે તેવા બોરિંગ ભાષણને ઓડિયન્સમાંથી કોઈ ટીખળ કરીને હાસ્યના હુલ્લડમાં ફેરવી નાંખે.

'મારી આ સિધ્ધિ માટે અગરવાલ ભાઈનો મહતમ ફાળો છે. જોગાનુજોગ મેં કરેલ તમામ પુલ, કેનાલ, રસ્તાના ટેન્ડરો અગરવાલને મળેલ છે. આને તમે જોગસંજોગ કે મેનીપ્યુલેશન કહી શકો
અગરવાલ અમારી પાર્ટી માટે સંકટની સાંકળ છે. જેને ખેંચવાથા પાર્ટી અને મને ખુદને ફંડ મળે છે. અગરવાલ ભાઈ હાજર છે?' મંત્રીએ પૂછ્યું.

' સાહેબ, હું હાજર છું.' અગરવાલે પહેલી લાઈન પરના સોફા પર બેઠા બેઠા હાથ ઉંચો કર્યો.

'આહીં સ્ટેજ પર વયા આવો, મારા બાપલિયા.' એનાઉન્સરે અગરવાલને સ્ટેજ પર આવવાનું આમંત્રણ આપ્યું.

અગરવાલ સ્ટેજ પર પહોંચ્યા. મંત્રીજીએ અગરવાલને બાથમાં લઈ લીધા. ટેબલ પર પડેલી એક શાલ અગરવાલને ઓઢાડી. એક ફૂલહાર અગરવાલને પહેરાવ્યો.મંત્રીએ બારોબાર સન્માનનો કારોબાર પૂરો કર્યો.લોકોએ મંત્રી મહોદય અને અગરવાલનો ગગનબોદો જયજયકાર કર્યો.

'હું એક અસામાન્ય અસામાજિક કાર્યકર હતો. હું ધૂળમાં પડેલ ઝીરો હતો. આપણા સાહેબ,ધૂળધોયા છે. તેમની નજર મારા પર પડી. એમણે મને પરખી લીધો. મને પાર્ટીમાં સામેલ કર્યો. કાર્યકરમાંથી મંત્રી બનાવ્યો. હું આ ક્ષણે સાહેબનો આભાર માનું છું.' એમ કહી મંત્રીએ ખેસથી પાડા જેવો ચહેરો લૂંછયો. હાઈ કમાન્ડની કૃપાદ્રષ્ટિમાં ટકી રહેવા જરૂર ન હોય તો પણ જાહેર મંચ પરથી મંત્રીઓએ ચાપલૂસી કરવી એ તેમની મજબૂરી હોય છે.

' કેનાલ ખાતાવાળા મારી પાસે આવ્યા અને મને આદરપૂર્વક કેનાલનું ઉદઘાટન કરવા અનુરોધ કર્યો. મારી ચેમ્બરમાં સાત હજાર ફાઈલ પેન્ડીંગ હોય, સળગતા સવાલો ધૂંધવાતા હોય, હાઈ કમાન્ડ દિલ્હી બોલાવતું હોય. પરંતું, મને કોઈ ઉદઘાટન કરવા આમંત્રણ આપે તો હું ઈન્કાર કરી શકતો નથી. હું પહેલેથી મોઢાનો મોળો છું.એટલે જ કેનાલને ખુલ્લી મુકવા આવ્યો છું' મંત્રીજી બોલી રહ્યા હતા. ત્યાં તેમના પીએએ આવીને કાનમાં કશું કહ્યું.

' હેંએએં શું?'માઈક આડે હાથ રાખીન પીએને પૂછયું.

' ' મારા હાથે જેનું ઉદઘાટન કરવામાં આવેલ છે તે કેનાલના મજબૂતી એવી ઠસોઠસ છે કે તે વરસોવરસ ટકશે તેની મને શ્રધ્ધા અને વિશ્વાસ હતો. પરંતું,હમણા, મારા પીએએ મને માહિતી આપી કે મે હમણા ઉદઘાટન કરેલ કેનાલનો એક ભાગ પાણીમાં વહી ગયો. તમે ગભરાશો નહીં, હું પણ ગભરાતો નથી. ગભરાવા જેવું કાંઈ નથી.' મંત્રીએ જનતાને હિંમત બંધાવી.આજકાલ વિકાસના આટલા મજબૂત કામ થાય છે.

' ભાઈઓ અને બહેનો, આપણા દેશમાં જ ઉદઘાટન કાર્યક્રમ ચાલુ હોય અને નવનિર્મિત પુલ કે કેનાલ પતાના મહેલની જેમ તૂટી પડે તેવું નથી. અમેરિકાના મેકસિકો શહેરના મેયર લાકડાના બનેલા પુલનું ઉદઘાટન કરતાં હતાં ત્યારે લોકોના કૂદવાથી લાકડાનો પુલ તૂટી જતાં મેયરને ઈજા થયેલ. કોંગો નામના દેશમાં રાષ્ટ્ર પ્રમુખ એક પુલનું ઉદઘાટન કરવા બાંધેલી રિબન કાતર વડે કાપતા હતા તે દરમિયાન જ પુલ ધ્વસ્ત થયેલ. આપણે પણ વિદેશોની હરોળમાં આવવાની અનેરી સિધ્ધિ મેળવી છે તેનો મને આનંદ છે.(નાલેશીમાં પણ ગૌરવ? લો ઠોકો તાલી!)

' આપણા આદ્ય કવિ નર્મદે એક કવિતા લખેલ. નવ કરશો કોઈ શોક રસિકડા નવ કરશો કોઈ શોક. અત્યાર સુધી આ કવિતા મૃત્યુ પર લખાયેલ હોવાનો ભ્રમ હતો. પરંતું, એ જમાનામાં તાપી નદી પરનો પુલ તૂટી જવાની ઘટનાને લઈને નર્મદ કવિએ પુલ તૂટવાનો શોક ન કરવાનો અનુરોધ કરેલો તેવું મેં વાંચ્યું છે.' મંત્રીજી સાહિત્ય રસિક હોવાનો પુરાવો રજી કર્યો.

' છેલ્લે મારે એટલું જ કહેવાનું કે ભગવાને મને અદભૂત મોકો આપ્યો છે.મે મારી જીંદગીમાં જેનું ઉદઘાટન કર્યું હોય એ કેનાલ મારી નજર સામે તૂટે એ પહેલી ઘટના છે. દિલ, કાચ કે કેનાલ તૂટવાનો આનંદ અલગ જ હોય છે. આ કેનાલ તો મજબૂત કહેવાય કે ઉદઘાટનનો ભવ્ય સમારોહ સંપન્ન થવામાં કેટલીક મિનિટ બાકી છે અને તૂટી છે. એના મહા નિવાર્ણ સમયે હજારોની જનમેદની ઉપસ્થિત છે. બાકી, કેટલીક કમનસીબ ઈમારતો ઉદઘાટનનો નજારો જોવાનો અવસર મેળવી શકતી નથી.' મંત્રીજીએ કેનાલના તૂટવા પર આનંદ વ્યક્ત કર્યો.મંત્રીજીના હકારાત્મક દ્રષ્ટિકોણ પર જનતા ફીદા થઈ ગઈ અને મંત્રીજીના ભાષણને તાળીથી વધાવી લીધું.

જેવી પ્રજા, એવા નેતા.હવે,કાંઈ કહેવા જેવું છે ખરૂં?

ભરત વૈષ્ણવ

# ઈવી રેડિનેસ પ્લાન:શિક્ષણ સંસ્થા, હોટેલ- રેસ્ટોરન્ટ, મોલ-મલ્ટીપ્લેક્સમાં ૨૦ ટકા પાર્કિંગ ઈવી માટે રિઝર્વ રાખવા પડશે



## એક્સપ્લેનર; ગાંધીનગર કેવી રીતે ઈવી રેડી કેપિટલ બનશે


**મેયર, મ્યુનિસિપલ કમિશનર સહિતના પદાધિકારી- અધિકારીઓની સ્ટીયરિંગ કમિટી બનાવી છે**
**ઈલેક્ટ્રીક વાહનો અંગે લોકોમાં જાગૃતિ અને સબસિડી સહિત પ્રોત્સાહન અપાશે**
**ચાજલ્ગ સ્ટેશનની સુવિધા વિકસાવવા માટે સરકારી પ્લોટ અપાશે**
**ખર્ચને પહોંચી વળવા માટે સરકારની વિવિધ પોલીસીનો લાભ લેવાશે**
**સોલાર પોલિસી હેઠળની ગ્રાન્ટ ઈવી પ્રોજેક્ટ માટે ઉપયોગમાં લેવાશે**
**પેટ્રોલ- સીએનજી પંપમાં ઈવી ચાજલ્ગ સ્ટેશન બનાવવા જીએમસી મદદ કરશે**
**વર્ષ ૨૦૩૦ સુધીમાં કુલ વાહનોના ૩૦ ટકા વાહનો ઈવી બને તેવો લક્ષ્યાંક**

ગાંધીનગરને દેશનું પ્રથમ ઈવી રેડી કેપિટલ સિટી બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા ઈવી રેડિનેસ પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. શહેરમાં ઈલેક્ટ્રીક વ્હીકલનો ઉપયોગ કરનારા નાગરિકોને વિશેષ સુવિધા આપવાના ભાગરૂપે સ્કૂલ, કોલેજ- યુનિવર્સિટી, હોસ્પિટલ, હોટેલ, રેસ્ટોરન્ટ, રીક્રિએશનલ સેન્ટર, ઓફિસ બિલ્ડીંગ, મલ્ટીપ્લેક્સ સહિતના સ્થળોએ પાર્કિંગ પ્લેસમાં ૨૦ ટકા પાર્કિંગ સ્પેસ ઈવી માટે રીઝર્વ રાખવાનો નિયમ અમલી બનાવવામાં આવશે. શહેરના દરેક નાગરિકને સુગમ, સસ્તા અને પર્યાવરણમૈત્રી પરિવહન ઉકેલો ઉપલબ્ધ થાય તે પ્રમાણેનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. શહેરમાં જીએમસી હસ્તકના ખુલ્લા પ્લોટ તેના લોકેશન પ્રમાણે આઈડેન્ટીફાય કરીને તેમાં ચાજ'ગ સ્ટેશન- બેટરી સ્વાઈપીંગ સ્ટેશન ઉભા કરવા માટે ખાનગી ભાગીદારો સાથે એમઓયુ કરવામાં આવશે. તબક્કાવાર નીતિ- નિયમો તૈયાર કરીને તેનું અમલિકરણ કરવામાં આવશે.મેયર મીરાબેન પટેલ, સ્ટેન્ડિંગ ચેરમેન ગૌરાંગ વ્યાસ, મ્યુનિસિપલ કમિશનર જે.એન. વાઘેલા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓની ઉપસ્થિતિમાં ઈવી રેડીનેસ પ્લાન જાહેર કરવામાં આવ્યો હતો. ગાંધીનગરને દેશનું પ્રથમ ઈવી રેડી કેપિટલ બનાવવાની જાહેરાત ૨૦૨૩માં થઈ હતી હવે તેના માટે એક્શન પ્લાન બનાવાયો છે. આ માટે વિવિધ એજન્સીઓ, ખાનગી ક્ષેત્રના ભાગીદારો, નાગરિકો સાથે મોટાપાયે એમઓયુ કરવામાં આવશે. સરકારી પ્લોટ પર બિઝનેસ મોડેલ બનાવવા માટે પીપીપી ધોરણે એમઓયુ કરાશે. મહત્તમ ખાનગી અને જાહેર ક્ષેત્રના વાહનોને ઈલેક્ટ્રીક વાહનોમાં કન્વર્ટ કરવાના પ્રયાસ કરાશે. મહાનગરપાલિકા દ્વારા આ માટે અલગ બજેટ બનાવવામાં આવશે.ઈલેક્ટ્રીક વ્હીકલનો ઉપયોગ કરનારા નાગરિકો માટે ખાસ મોબાઈલ એપ્લિકેશન બનાવાશે. નજીકમાં ક્યાં ચાજ'ગ સ્ટેશન- બેટરી સ્વાઈપીંગ સ્ટેશન આવેલું છે.

# વહોરા સમાજ ટ્રસ્ટ ડાકોર દ્વારા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ઇનામ વિતરણ




વહોરા સમાજ ટ્રસ્ટ ડાકોર દ્વારા તા.૧૨/૧૦/૨૫ ને રવિવારના રોજ નીલકમલ પાર્ટી પ્લોટ ડાકોર ખાતે વહોરા સમાજ ટ્રસ્ટ, ડાકોર દ્વારા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા માટે સમાજના પ્રમુખ જીયાઉદ્દીન એ. વહોરાની અધ્યક્ષતામાં તાલુકા લેવલે (સેવાલિયા, ડાકોર, ઉમરેઠ, કાલસર, ધુણાદરા, અંધાડી, ઠાસરા) ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મેહમાન તરીકે ઠાસરા વિધાનસભાના ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, ચરોતર સુન્ની વહોરા સુધારક મંડળ, ૬૮ સમાજ ગુજરાત રાજ્ય ના પ્રમુખ હાજી નુરૂલ હસન વહોરા (અમદાવાદવાળા), ચરોતર સુન્ની વહોરા કો. ઓપ. ક્રેડિટ સોસાયટી લી. મહેમદાવાદના ચેરમેન હાજી યાસીનભાઈ મન્સૂરી, ચરોતર કો. ઓપ. ક્રેડિટ સોસાયટી, ઉમરેઠના ચેરમેન હાજી ગુલામઅહમદ વહોરા (કેરીવાલા) જનાબ સલીમભાઈ મન્સૂરી મહેમદાવાદવાળા , જનાબ ઈદરીશ ભાઈ મન્સૂરી (ક્રિસ્ટલ),ડાકોર નગર પાલિકા પ્રમુખ શ્રી વિપુલભાઈ શાહ, શ્રી ડૉ. હરેન્દ્ર ભાઈ પંડ્યા, જનાબ ફિરોજભાઈ મહુધાવાળા , જનાબ હાજી ઐયુબ ભાઈ અંગાડીવાળા, જનાબ ઈરશાદ ભાઈ વહોરા વિગેરે મેહમાનો હાજર રહ્યા હતા. આ કાર્યકમમાં સ્મ્મ્જી, રફ્રદ્વિફ્ઠઅ, મ્ર્ઙ્ઘ ધો. ૧૦, ધો. ૧૨, સહીત દરેક ક્ષેત્રે પાસ થયેલ કુલ ૪૨ વિદ્યાર્થીઓને ટ્રોફી સાથે ઇનામ આપી સમાજ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા સાથે સમાજ દ્વારા ચાલતી આર્થિક સહાય યોજના હેઠળના કુલ ૭ લાભાર્થીઓ તથા સ્કોલર શીપ યોજના હેઠળના કુલ ૧૧ વિદ્યાર્થીઓને આમંત્રીત મહેમાનોના હસ્તે યોજનાઓના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા તથા ડાકોર વહોરા સમાજના કુલ ૨૭ ભાઈઓને સમાજ તરફથી ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અંતમાં સમાજના સેક્રેટરી ઈરફાનભાઈ યુ. વહોરા એ આ પ્રોગ્રામને સફળ બનાવવા બદલ આવેલા તમામ મહેમાનો, દરેક કારોબારી સભ્યો, વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓનો ખુબ ખુબ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમાજના સેક્રેટરી ઈરફાન યુ વહોરા એ કર્યું હતું.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOGSS NO : 161**

વિષય : સારું નરસું
શિર્ષક : ચાલ થોડું જીવી લઈએ
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૧૦૫

કસોટીની એરણ પર જઈને પડીએ, એના કરતાં
ચાલો જીવનનાં થોડાં પાઠ ભણી લઈએ,
શું સારું શું નરસું એટલું બસ જરા તારવી લઈએ!

આપણે પીળું પાન બનીને ખરી પડીએ, એના કરતાં
ચાલો થોડું ફરી લઈએ;
અપનાવીને સારું બધું, નરસું આમ ફગાવી દઈએ!

અંધારે ક્યાંક અથડાઈએ, એનાં કરતાં
ચાલો થોડો પુંજ પાથરી દઈએ;
સારુ-નરસું સમજી જઈને આ જીંદગીને જાણી લઈએ!

માયાની આંધીમાં અટવાઈએ, એના કરતાં
ચાલો મંદ મંદ પ્રેમની લહેરકી સાથે વિહરી લઈએ;
સારું સારું કર્મ કરીને નરસાંને વિસરી જઈએ!

બ્રહ્માંડમાં માંડ મળ્યું છે જીવન, તો વ્યર્થ શાને કરીએ?
આ રુડાં રુપાળા જીવનને હવે તો માંણી લઈએ!
સારા નરસાનું ભાન થયું તો ચાલ થોડું જીવી લઈએ!

૦૦ગ્રીષ્મા પંડ્યા ૦(અમદાવાદ)

**NG: SSNO:153**
વિષયઃ"સારું-નરસું"
શીર્ષકઃ" દાદા નાં દિલ ની વાત "
પ્રકારઃગધ્ય. શબ્દોઃ૩૪૮

છ વર્ષ પહેલાં પાર્શ્વને દાદા એ કરેલ તેમનાં દિલની વાતઃ આજે પાર્શ્વને અઢાર વર્ષ પુરાં થાય છે.પાર્શ્વ મારો સૌથી માનીતો દિકરો.તે સગીર માંથી પુખ્ત થાય છે, ત્યારે એકજ વસ્તું કહેવાની કે જીવનમાં કાયમ સત્ય બોલજે.સત્યની જોડે રહેજે પછી ભલેને સામે પક્ષે દાદા-દાદી પણ કેમ ન હોય. તારુ દિલ કહે તે પ્રમાણે કરજે.અમે તને શિક્ષણ જ એવું આપ્યું છે કે તારું દિલ ખોટી દિશા તરફ નહીં વળે. આપણને જન્મ આપનાર મા-બાપને કદીયે ના ભુલીએ.દુનિયામાં સગાંભાઈ-બહેન અને પિતરાઈ ભાઈ-બહેન થી મોટા મિત્રો કોઈ નથી.તેને ખોવાની ભૂલ ભૂલેચૂકે ના કરતો. દાદા-દાદી અને નાના-નાનીથી મોટો કોઈ છાંયડો નથી.તેમની છત્રછાયામાં રહેવાથી કોઈ દુઃખ તારી આજુબાજુ નહીં ફરકે.બે મા ભેગી કરીએ ત્યારે મામા થાય છે.તેમનો હાથ કાયમ આપણાં મસ્તક પર રહે તેનું આપણે ધ્યાન રાખવું.દિકરા હવે કુટુંબ નાના થઈ ગયાં છે.જે ઘરમાં કાકા હોય ત્યાં ફોઈ નથી હોતાં અને ફોઈ હોય ત્યાં કાકા નથી હોતાં. તારાં નસીબે ફોઈબા છે,તેને બરાબર સાચવજે.

પાર્શ્વ ભણતરથી વધારે કોઈ વેલ્યુ નથી.દુનિયામાં બધી વસ્તુ ઉછીની હોય છે.એક ભણતર જ આપણું પોતાનું હોય છે અને તેનાં માલિક આપણે પોતે હોઈએ છે. ભણતર નાં ભોગે કોઈ સુખ ના જોઈએ. ભણતર હશે તો બધાં સુખ સામેથી આવશે.દાદા અને ડેડી નો દાખલો તારી સામે જ છે.

જિંદગીમાં શું બનવું છે તેનો એક ગોલ હોવો જોઈએ અને તે એવરેસ્ટથી નાનો ના હોવો જોઈએ. બેટા અઢાર વર્ષે તું તારી રીતે જાતે વિચાર.તારી રીતે સારું અને નરસું નક્કી કર.સારાં-નરસાં ની છણાવટ કરી સારાંને અપનાવી ને નરસાં ને દફનાવી આગળ વધજે.તારી રીતે મિત્રો ની પસંદગી કર.મા-બાપ ના સંસ્કાર લજવે નહીં, ઉજાળે તેવા કામ કરજે.

જે પણ કાર્યક્ષેત્ર પસંદ કરે તે આપણું મનગમતું અને ઈચ્છા મુજબનું હોવું જોઈએ.જોબ કરો કે બીઝનેશ સામે વાળો આપણને જે વળતર આપે તેનાથી સવાયું કામ કરીને આપવું.જે પણ હોદ્દો હોય,આપણી ઈમાનદારી હોવી જોઈએ.સમાજમા આપણે ર્દ્મ,મીનિહીં મિજં તરીકે ઓળખાવા જોઈએ. જે કોઈ સાચો જરુરિયાતમંદ હોય તેને મદદ કરવાંનું ભુલતો નહીં.આપણાં મોજશોખ ની એક વસ્તુ જતી કરવાંથી કોઈ ગરીબને દાળ-રોટી મળતી હોય તો તેને પહેલાં પ્રેફરન્સ આપજે.

બેટા બેસ્ટ ઓફ લક,એન્જોય યોર લાઈફ.

જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

**NG: NOG SS NO 167**
વિષયઃ-"સારું-નરસું"
શિર્ષકઃ- "હર કોઈની નજરમાં,"★
પ્રકાર :-પદ્ય....શબ્દોઃ-૯૦"

હર કોઈની નજરમાં વહેમ છે, કેમ વહેમાય છે?
પડોશમાં હવાના ઝોંકાથી, મન કેમ ગભરાય છે?
બદલી ચાલ પેઢીઓ તણી, પશ્ચિમના વા-વાયરે,
બધુંજ પડી ભાંગે પછી, સૌ ને કેમ સમજાય છે?
વાતો હતી એકતાની, સાથ ને આપસી ભાગની,
સમજાય છે આ ભ્રમ છે, તો પછી કેમ લૂંટાય છે?
સાર્વભૌમત્વની વાતો હતી, સભાઓ ઘણી થઈ,
છુટા પડી અનેક ભાગો કરી ને, કેમ અથડાય છે?
પાણી નથી પાણી નથી, ને વરસાદની ખામી નથી,
બે-ફામ થઈને સર્વથી, પાણી જ કેમ વપરાય છે?

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)

**NG: NOG SS ™ku 370**
વિષય :- સારું નરસું
શીર્ષક :- જીવન તરંગ
પ્રકાર :- પદ્ય
શબ્દો :-૧૦૨
રચના :-

સમયે આપે છે ફળ, ચાહત વિનાનું પણ કરવું પડે.
જીવનમાં આવે સારા નરસા પડાવ, માથું ધરવું પડે.

દિવસ બધાય ન હોય સુખદ, ક્યારેક વાદળો વરસે,
છાંયો શોધવાની આશમાં તાપમાં ધન્ય મન કરવું પડે.

લોકો કહે નરસું, પણ તેમાં પાઠ છુપાયેલો અનમોલ,
ભૂલથી મળી જાય અનુભવ જેને રત્ન ગણવું પડે.

સમય હોય સારો ત્યારે લગીર અહંકાર ન ચડે મનમાં,
નરસું મળે ત્યારે હસતાં હસતાં જીવને મનાવવું પડે.

ક્યારેક જીવનનું ગણિત આપે અઘરા દિન ને દાખલા
અંતે બધું જ સંતુલિત કરી,બની સાચા યોદ્ધા લડવું પડે.

સારું–નરસું બંને છે જીવનરથના બે પૈડાં સ્વયંચલિત
રાગ મળે કે ના મળે હૃદયની વીણાને ઝંકૃત કરવી પડે.

ચંદન સોલંકી 'મહેક '

**NG: NOG SS NO 173.**
વિષય - "૨૦૨૫ઃ સારૂં - નરસું"
શીર્ષક "-૨૦૨૫ નું વર્ષ સારૂં
રહ્યું કે ખરાબ?"
પ્રકાર- ગદ્ય.
શબ્દો -૩૫૦.

દરેક વર્ષ આપણાં જીવનમાં નવી ઊર્જા, નવી પડકારો અને નવી તક લાવે છે. વર્ષ ૨૦૨૫ પણ અનેક દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ રહ્યું. ખાસ કરીને વિજ્ઞાન, શિક્ષણ અને કૃત્રિમ બુદ્ધિ (છૈં) જેવાં ક્ષેત્રોએ આ વર્ષે મહત્ત્વનો રોલ નિભાવ્યો. આવો જોઈએ કે શું ૨૦૨૫ ખરેખર સારું રહ્યું કે ખરાબ?

વિજ્ઞાનઃ પ્રગતિનો પથ-
વિજ્ઞાન એ વિકાસની ચાવી છે. ૨૦૨૫ માં વિજ્ઞાન ક્ષેત્રે નોંધપાત્ર બદલાવ જોવા મળ્યાઃ
ચિકિત્સા ક્ષેત્રે નાના મશીનો **(Nano Technology)** અને જિન સુધારણાની ટેકિનકથી ગંભીર રોગોનું નિદાન વધું ઝડપથી શક્ય બન્યું.
અવકાશ વિજ્ઞાનમાં, ભારતે નવા ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કર્યા અને ચંદ્ર-મંગળ અંગે વધુ સંશોધન કર્યું.
જૈવિક ખેતી અને કૃષિ ટેકનોલોજી દ્વારા ખેડૂતોને વધુ ઉત્પાદન મળ્યું.
વિજ્ઞાને માત્ર લેબોરેટરી સુધી સીમિત ન રહીને સામાન્ય માનવીનાં જીવનમાં સરળતા લાવી છે.

શિક્ષણઃ ટેકનોલોજી સાથે જોડાયેલું ભવિષ્ય-
૨૦૨૫નું શિક્ષણ અત્યંત ટેકનોલોજી આધારિત બન્યું છેઃ
ડિજિટલ શિક્ષણ અને ઈ-લર્નિંગ પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થી ઘેરબેઠાં ભણ્યાં.
સ્માર્ટ ક્લાસરૂમ, વર્ચ્યુઅલ રિયાલિટી (ફઈ) અને અનુકૂલિત શિક્ષણ પદ્ધતિઓ શિક્ષણને વધુ રસપ્રદ અને અસરકારક બનાવે છે.
દ્ગઈ ૨૦૨૦ નાં અમલ દ્વારા બાળકોની સર્જનાત્મકતા અને જાતે શીખવાની પદ્ધતિ પર ભાર મૂકાયો.
જોકે, ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટ અને સાધનોની અછત હજી પણ મોટો પડકાર છે.

છૈં (કૃત્રિમ બુદ્ધિ) : ભવિષ્ય હવે વર્તમાન છે!
૨૦૨૫ એ એવું વર્ષ રહ્યું જ્યાં છૈં (છૈંકિૈંૈંટ્ઠૈં હીજ્ઞૈંીર્ક્ષીહષ્ઠી) જીવનનાં દરેક ક્ષેત્રમાં પ્રવેશી ગયું છેઃ
છૈં આધારિત ચેટબોટ્સ, અનુકૂળ
આભાર - નિહારીકા રવિયા શિક્ષણ સાધનો, અને વાસ્તવિક સમયનાં અનુવાદકો વિદ્યાર્થીઓને સહાય કરે છે.
આરોગ્ય ક્ષેત્રે છૈં દ્વારા રોગ ની ઓળખ અને ઉપચારની ભવિષ્યવાણી શક્ય બની છે.રોજગાર ક્ષેત્રે, કેટલીક તકો ઘટી પણ છે, કારણ કે ઘણી નોકરીઓ હવે ઓટોમેશનથી બદલાઈ રહી છે.

છૈં સાથે માનવીય મૂલ્યો જાળવી રાખવા અને નૈતિકતા (ૈંરૈષ્ઠજ) નાં આધાર પર તેનો ઉપયોગ કરવો જરૂરી છે.

વર્ષ ૨૦૨૫ એ વિજ્ઞાન, શિક્ષણ અને કૃત્રિમ બુદ્ધિ (છૈં) જેવાં ક્ષેત્રોમાં તેજીથી આગળ વધ્યું છે. શિક્ષણ વધું આધુનિક બન્યું?. વિજ્ઞાને જીવન સરળ બનાવ્યું અને છૈં એ ભવિષ્યની શક્યતાઓ ઊંડાણથી ઊભી કરી.

૨૦૨૫ સારું રહ્યું કે ખરાબ?એ આપણો દ્રષ્ટિકોણ નક્કી કરે છે. જે વર્ષ આપણને શીખવા, વિકાસ કરવા અને નવી દિશામાં આગળ વધવા માટે તક આપે – એવું વર્ષ ખરાબ કેવી રીતે ગણાઈ શકે? હા, પડકારો આવ્યાં, પણ પ્રગતિ એનાં કરતાં વિશાળ રહી. તેથી નિષ્ઠાપૂર્વક કહી શકાય કે વર્ષ ૨૦૨૫ સારું જ રહ્યું.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ, ગુજરાત.

**NG: NOG SS NO- 195**
વિષયઃ ૨૦૨૫ સારુ - નરસું
શીર્ષકઃ વ્યથા વિતેલા વર્ષની
પ્રકારઃ પદ્ય
શબ્દઃ ૯૨

ગયા વર્ષના દુઃખના દાડા નવા વર્ષે નઈ જોવાના,
જાય છે તો જવાદ્યો એની પાછળ થોડાં રોવાના.

ગયું એને યાદ ના કરો પાછળ વળી શું ખોવાના,
આવે એને અવવા દ્યો એમાંજ ધમકારા ધોવાના.

દાડા વિતશે માસ વિતશે વરસો વરસ વિતવાના,
મહેનત કરશો માલ મળશે ડોબા થોડા દોવાના.

માસ ભેગા કરી વર્ષ બન્યું માસને થોડા મોવાના,
તૃષ્ણા ત્યાગી મોહથી ભાગી દાણા નઈ ટોવાના.

જુનું જાય ને નવું આવે એમ નવા કૈ આવવાના,
ધાંધલ ધમાલ શાને કાજે વરસ એમ બદલવાના.

સારુ રહ્યુ,ખરાબ રહ્યુ એવુંતો આપણે કહેવાના,
નથી ગમતુ નવુ વર્ષ "અમૃત" રમા વિના રહેવાના.

અમૃત શ્રીમાળી (મહેસાણા)

**NG: NOGSS: 168**
વિષયઃ સારું નરસું
શીર્ષકઃ જીવતાં શીખીએ
પ્રકારઃ પદ્ય શબ્દ ૯૦

સારું નરસું જીવનમાં સ્વીકારતાં શીખીએ,
કર્મનાં સિદ્ધાંતમાં માંની જીવતાં શીખીએ.

બધાંને જીવનમાં સમજતાં શીખીએ,
સમયને માન આપી નમતાં શીખીએ.

સારું નરસું તો આપણાં જ બી નું ફળ છે,
ચિંતન કરી મનન કરી સ્વીકારતાં શીખીએ.

ઉત્સાહ ઉમંગ આનંદમાં જીવતાં શીખીએ,
ઉતાર ચઢાવ તો જીવનનો એક રંગમંચ છે.

જીવન રંગમંચ ઉપર સારું નરસું નક્કી છે,
મનુષ્ય જનમ સાથે મૃત્યુ ડ્રામા નક્કી છે.

સહન કરતાં શીખીએ સમજતાં શીખીએ,
સારું નરસું જીવનમાં સ્વીકારતાં શીખીએ.

કમળ પુષ્પ કાદવમાં બિન્દાસ ઉછરે છે,
તો ચાલો આપણે પણ બિન્દાસ, ખરાબ ને સ્વીકારતાં શીખીએ.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ) આધ્યાત્મિક લેખક

# ગુજરાતના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત ૧૯ કારીગરોને પુરસ્કૃત કરાશે

રાજયની કુટીર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬ અન્વયે હાથશાળ અને હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર ગુજરાતના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે વર્ષ - ૨૦૨૪માં સિદ્ધિ પ્રાપ્ત કારીગરોને શ્રેણી મુજબ એવોર્ડ આપવામાં આવી રહ્યા છે. વિવિધ જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્ય સરકાર દ્વારા રાજ્યકક્ષાના ૧૧ તથા ઝોન મુજબ ૦૮ એમ કુલ ૧૯ જેટલા કારીગરોને પુરસ્કાર એનાયત કરવામાં આવશે. જેના ભાગરૂપે તાજેતરમાં મહેસાણા ખાતે આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સ-ફ્ય્ઇઝમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉત્કૃષ્ઠ કામગીરી કરતાં કારીગરોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જેમાં ભરતકામ કેટેગરીમાં પ્રથમ ક્રમે આવનાર બનાસકાંઠાના તુલસી દીપકકુમાર રાઠોડને વોલ હેન્ગીંગ માટે તેમજ ઉત્તર ઝોનમાં પ્રથમ ક્રમાંકે પાટણના સાલવી પરેશકુમાર કાંતિલાલને પટોળા રૂમાલ તથા મહિલા કેટેગરીમાં બનાસકાંઠાના લેરીબેન વિષ્ણુભાઈ સુથારને



પેચવર્ક સાડી માટે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવ્યા અનુસાર હાથશાળ-હસ્તકલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા મહિલા અને યુવા કારીગરો સહિત ઔધોગિક સહકારી મંડળીઓ, એન.જી.ઓ. તથા વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા વ્યક્તિગત કારીગરોને પ્રોત્સાહનરૂપે પુરસ્કાર આપવામાં આવે છે. આ પુરસ્કાર આપવા માટે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા વર્ષ-૨૦૨૪ દરમિયાન વિવિધ શ્રેણી જેવી કે ટેક્ષટાઈલ, ભરતકામ, મોતીકામ/ ચર્મકામ/અર્થન/લાકડું તથા વાંસકામ/મેટલ ક્રાફ્ટ, અન્ય ક્રાફ્ટ, મહિલા, યુવા કારીગર, લુપ્ત થતી કલા જેવા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરતા કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવેલા કારીગરો પૈકી ટેક્ષટાઈલ કેટેગરી માટે ક્રમશઃ પ્રથમ અને દ્વિતીય ક્રમે કચ્છ જિલ્લાના અબ્દુલબશીર ફકીરમામદ ખત્રીને ચંદ્રોકણી બાંધણી દુપટ્ટા તથા સંજોટ પ્રકાશભાઈ પૂંજાને દેશી ધાબડો માટે આગામી સમયમાં પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંત ભરતકામ કેટેગરીમાં દ્વિતીય ક્રમે કચ્છના ગરવા સવિતાબેન કાંતિલાલને ઉત્સવ ચણીયા માટે, મોતીકામ/ ચર્મકામ/અર્થન/લાકડું તથા વાંસકામ/મેટલ ક્રાફ્ટ કેટેગરીમાં પ્રથમ ક્રમે કચ્છના કુંભાર ઝુબેર દાઉદભાઈને માટી આભલા કલાની દિવાલ શો-પીસ તથા દ્વિતીય ક્રમે ભાવનગરના જાંબૂચા મંજુબેન છગનભાઈને મોર માટે એવોર્ડ આપવામાં આવશે.

તેવી જ રીતે અન્ય ક્રાફ્ટમાં કચ્છના ખત્રી સિધીક હસણને ટ્રી ઓફ લાઈફ માટે પ્રથમ ક્રમે અને દ્વિતીય ક્રમે અમદાવાદના ચિતારા વિશાલ જયંતીલાલને ટ્રેડિશનલ નવદુર્ગા માતાની પછેડી માટે એવોર્ડ અપાશે. વધુમાં મહિલા કેટેગરીમાં અમદાવાદના ચિતારા લતાબેન ચંદ્રકાંતભાઈને માતાની પછેડી પાવાની દેવી, યુવા કારીગર કેટેગરીમાં સુરેન્દ્રનગરના વાલેરા આદિત્ય અનિલભાઈને ડબલ ઈક્કત પટોળા સાડી તેમજ લુપ્ત થતી કલા અંતર્ગત સુરેન્દ્રનગરના રાઠોડ ઉકાભાઈ હરિભાઈને કોટન દુપટ્ટા માટે પુરસ્કાર આપવામાં આવશે.

# માલપુર તાલુકા ખાતે આઈસીડીએસ માલપુર દ્વારા પોષણ સંગમ જાગૃતિ દિનની ઉજવણી કરવામાં આવી




અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં જિલ્લા ઉપપ્રમુખ શ્રી તાલુકા પ્રમુખશ્રી જિલ્લા સામાજિક ન્યાય સમિતિ પૂર્વ ચેરમેન શ્રી અને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી મામલતદાર શ્રી ટીડીઓ શ્રી સીડીપીઓ શ્રી ગામના સરપંચ તેમજ આગેવાનો આ સીડીએસ સ્ટાફ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા જે કાર્યક્રમ અંતર્ગત એસએમ બાળકોમાંથી એમ.એમ અથવા નોર્મલ તેમજ એન.એ.એમ માંથી નોર્મલ કેટેગરીમાં આવ્યા હોય વજનમાં સુધારો થયો હોય તેવા બાળકો તથા તેમના વાલીઓને પોષણ સંગમના લોગો વાળી કેપ તેમજ ખાદીના હાથ રૂમાલ આ ઉપરાંત આ બાળકોને પ્રિયાંશ કલર અને કલર બુક આપી સન્માન કરવામાં આવ્યું



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકાસ સપ્તાહ

૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

## વિકાસ સપ્તાહે લખ્યો વિશ્વાસનો અધ્યાય

**₹૨૮૮૫ કરોડ**થી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના
વરદ્‌હસ્તે



"ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
**વિકસિત ભારત** માટે **વિકસિત ગુજરાત**...
- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, માનનીય વડાપ્રધાન"

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ઋષિકેશ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને
તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૭૯ કરોડથી વધુના કુલ ૨૯૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



ગૃહ વિભાગના ₹ ૪૨ કરોડથી વધુના કુલ ૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ₹ ૨૫૨ કરોડથી વધુના કુલ ૬૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ₹ ૨૩ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

પ્રાથમિક શિક્ષણ વિભાગના ₹ ૧૩૮ કરોડથી વધુના કુલ ૮૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ₹ ૪૦ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ₹ ૮૩ કરોડથી વધુના કુલ ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

૧૦ IAS કોચિંગ સેન્ટરનો શુભારંભ




ઉદ્યોગ અને ખાણ વિભાગના ₹ ૩૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૮૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

ટેકનિકલ શિક્ષણ વિભાગના ₹ ૩૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૫૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

પ્રવાસન વિભાગના ₹ ૨૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

કાર્યક્રમ સ્થળ માટે સ્કેન કરો

૧૫ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર | સવારે ૧૦:૦૦ વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.